# વિરોધના વંટોળ વચ્ચે ઇંદિરા અને ફિરોઝનાં લગ્ન

ઘટ ઘટ પાની
★ માવજી મહેશ્વરી

ભારતનાં વડાં પ્રધાન તરીકે લાંબો સમય રાજ કરનાર ઈંદિરા ગાંધીને હજુ લોકો ભૂલ્યા નથી. જો કે તેમણે ૧૯૭૫માં લાદેલી કટોકટીને કારણે ખાસ્સા વગોવાયાં હતાં. તેમ છતાં પડકારભર્યા દેશનું લાંબો સમય શાસન કરનાર ઈંદિરા ગાંધીના લગ્ને એ સમયમાં દેશના સાંપ્રદાયિક વિચારધારામાં માનનારા અને બૌધ્ધિક લોકોમાં ભારે ચર્ચા જગાવી હતી. તેમના લગ્ન વખતે તેમના પરિવારમાં છાની નારાજગી હતી. તો લગનના દિવસે જ જાહેરમાં પણ વિરોધ થયો હતો. એનું કારણ એટલું જ કે ઈંદિરા ગાંધીએ જેમની સાથે લગ્ન કર્યા એ હિન્દુ નહોતા. આજથી છ દાયકા પહેલાં થયેલાં એ લગ્ન બધાની સહમતિથી થયાં હતાં કે કોઈ વિરોધ હતો તે વિશે આજની પેઢી કદાચ જાણતી ન હોય. સ્વાભાવિક છે કે નેહરુ બ્રાહ્મણ હતા અને ફિરોઝ પારસી હતા. એમના પરિવારમાં પણ વિરોધ હતો. તેમ છતાં ઈંદિરા અને ફિરોઝના લગ્ન થયાં હતાં. દેશના વડા પ્રધાનની દીકરીના લગ્ન હોય ત્યારે મિડિયા પણ સતર્ક હોય.

અંગત રીતે જવાહરલાલ નહેરુનું માનવું હતું કે, ફિરોઝ તેમની પુત્રી ઈંદિરા માટે યોગ્ય પસંદગી નથી. ફિરોઝ હિન્દુ નથી કે નથી કાશ્મીરી પણ તેનાથી વ્યક્તિગત રીતે જહાહરલાલ નહેરુને કશો ફરક પડતો નહોતો. એમની પોતાની બે બહેનો વિજયલક્ષ્મી અને કૃષ્ણાના પતિ કાશ્મીરી નહોતા. એમના લગ્ન વખતે નહેરુએ બિલકુલ વિરોધ નહોતો કર્યો. તેમનાં બંને બહેનોના પતિ ઓક્સફર્ડમાં ભણેલા હતા અને ભદ્ર અને સમૃદ્ધ પરિવારના હતા. રણજિત પંડિત બેરિસ્ટર હોવાની સાથે જ સંસ્કૃતના ખૂબ મોટા વિદ્વાન પણ હતા. એમની સામે ફિરોઝ ખૂબ જ સાધારણ હતા. એક તો તેમની પાસે યુનિવર્સિટીની ડિગ્રી નહોતી, ન તો કોઈ નોકરી હતી. એટલું જ નહીં નિયમિત આવકનું કોઈ સાધન પણ નહોતું. અંગ્રેજ લેખિકા કેથરીન ફ્રેન્કે ઈંદિરા ગાંધીના જીવનચરિત્ર 'ઈંદિરા, ધ લાઇફ ઓફ ઈંદિરા નહેરુ ગાંધી'માં લખ્યું છે, ''ફિરોઝ ખૂબ મોટેથી બોલનારા, ગાળો આપનાર, અસંયમી વ્યક્તિ હતા. તેમનાથી બિલકુલ વિપરીત, નહેરુ ખૂબ સભ્ય, સુસંસ્કૃત અને સમજીવિચારીને બોલનાર વ્યક્તિ હતા. બીજા પિતાઓની જેમ નહેરુ પણ પોતાની દીકરીને ગુમાવવા નહોતા માગતા. ઈંદિરાની નાદુરસ્ત તબિયતનો સવાલ પણ હતો. તેમનાં પત્ની કમલા નહેરુ પણ, પોતાની મૃત્યુશય્યા પર ઈંદિરા અને ફિરોઝનાં લગ્ન વિશેની પોતાની આંતરિક શંકા વ્યક્ત કરી ચૂક્યાં હતાં. કમલાની દૃષ્ટિએ ફિરોઝ સ્થિર અને ભરોસાપાત્ર વ્યક્તિ નહોતા.''



**ફિરોઝ ખૂબ મોટેથી બોલનારા, ગાળો આપનાર, અસંયમી વ્યક્તિ હતા. તેમનાથી બિલકુલ વિપરીત, નહેરુ ખૂબ સભ્ય, સુસંસ્કૃત અને સમજીવિચારીને બોલનાર વ્યક્તિ હતા. બીજા પિતાઓની જેમ નહેરુ પણ પોતાની દીકરીને ગુમાવવા નહોતા માગતા. ઇંદિરાની નાદુરસ્ત તબિયતનો સવાલ પણ હતો. તેમનાં પત્ની કમલા નહેરુ પણ પોતાની મૃત્યુશય્યા પર ઇંદિરા અને ફિરોઝનાં લગ્ન વિશેની પોતાની આંતરિક શંકા વ્યક્ત કરી ચૂક્યાં હતાં**

જ્યારે ઈંદિરાએ પોતાનાં ફોઈ કૃષ્ણાને ફિરોઝ સાથે લગ્ન કરવાની પોતાની ઇચ્છા જણાવી ત્યારે તેમણે તેમને થોડીક રાહ જોવા અને બીજા થોડાક છોકરાઓને મળવાની સલાહ આપી. કૃષ્ણા હઠીસિંહે પોતાના પુસ્તક 'વી નહેરુઝ'માં ઈંદિરા અને કૃષ્ણાનો સંવાદ આમ લખ્યો છે, ઈંદિરાએ સખત અવાજમાં કહ્યું, "શા માટે? તમે તો દસ દિવસમાં જ રાજાભાઈ સાથે લગ્ન કરવાનો નિર્ણય કરી લીધો હતો. હું તો ફિરોઝને વર્ષોથી ઓળખું છું. હું વધુ રાહ શા માટે જોઉં અને બીજા છોકરાઓને શા માટે મળું?'' જ્યારે ઈંદિરાએ પોતાનાં બીજાં ફોઈ વિજયલક્ષ્મી સાથે આ અંગે વાત કરી, ત્યારે તેમનું વલણ પણ તેમની તરફેણમાં નહોતું. પુપુલ જયકરે ઈંદિરાના જીવનચરિત્રમાં લખ્યું છે, ''નાન (વિજયલક્ષ્મી) એ ખૂબ કડક શબ્દમાં તેમને સલાહ આપી કે તું ફિરોઝ સાથે પ્રેમસંબંધ રાખ પરંતુ લગ્ન કરવા વિશે ન વિચાર.'' ઈંદિરાએ આ સલાહને ખૂબ ખરાબ માની. તેમને તે પોતાના અને ફિરોઝના અપમાન જેવી લાગી. હજુ તો નહેરુ પરિવારમાં જ આ વાત ચાલતી હતી, એવામાં અલાહાબાદના અખબાર 'ધ લીડર'એ પોતાના પહેલા પાને હેડલાઇન બનાવી, 'મિસ ઈંદિરા નહેરુઝ એંગેજમેન્ટ' જ્યારે લીડરે આ સમાચાર છાપ્યા ત્યારે નહેરુ કલકત્તામાં હતા. પાછા આવીને તેમણે એક નિવેદન જાહેર કર્યું, જેને 'બોમ્બે ક્રોનિકલ' અને અન્ય અખબારોએ છાપ્યું. નહેરુએ કહ્યું, ''હું ઈંદિરા અને ફિરોઝનાં લગ્ન વિશે છપાયેલા સમાચારોની પુષ્ટિ કરું છું. મારું માનવું છે કે, લગ્ન વિશે માતા-પિતા ફક્ત સલાહ આપી શકે છે પરંતુ અંતિમ નિર્ણય છોકરા-છોકરીએ જ કરવાનો હોય છે. મને જ્યારે ઈંદિરા અને ફિરોઝના આ નિર્ણય વિશે ખબર પડી, ત્યારે મેં તેને હૃદયપૂર્વક સ્વીકાર્યો. મહાત્મા ગાંધીએ પણ તેમને પોતાના આશીર્વાદ આપતાં કહ્યું હતું, "ફિરોઝ ગાંધી એક યુવા પારસી છે, જે અમારા પરિવારનાં વર્ષોથી મિત્ર અને સાથી રહ્યા છે.''

મહાત્મા ગાંધીએ પોતાના અખબાર લેખ લખીને આ લગ્નને પોતાનું સમર્થન આપી દીધું. પરંતુ ગાંધીનું સમર્થન હોવા છતાં આ લગ્ન પ્રત્યે લોકોનો રોષ ઓછો થયો નહીં. કેટલાક લોકોને લાગતું હતું કે, આ લગ્નથી ભારતની સદીઓ જૂની પરંપરા પર આઘાત થઈ રહ્યો છે. એક તો તે માતાપિતાએ નક્કી કરેલું લગ્ન નહોતું અને બીજું, તે બંને પોતાના ધર્મની બહાર લગ્ન કરી રહ્યાં હતાં. અલાહાબાદના આનંદ ભવનમાં વિરોધ દર્શાવતી ટપાલોનો ઢગલો થઈ ગયો હતો.

**(ક્રમશઃ)**

# દુનિયાનું એક એવું ગામ, જ્યાં દરેક લોકો છે જ્યોતિષ

ઇન્ડોનેશિયાના જાવા ટાપુ પર, જ્યાં લીલાછમ જંગલો અને ટેકરીઓ ભેગા થઈને એક રહસ્યમય દુનિયા બનાવે છે, ત્યાં બાદુઈ જાતિ રહે છે. આ ગામ નકશા પર દેખાય છે, પરંતુ બહારની દુનિયાથી એટલું અલગ છે કે મોબાઈલ ફોન, રેડિયો અથવા વીજળી જેવી વસ્તુઓ એક દૂરનું સ્વપ્ન છે. દંતકથા છે કે બદુઈ લોકો પૃથ્વી પરના પહેલા માનવી છે, જેઓ આપત્તિ ટાળવા માટે કડક નિયમોનું પાલન કરે છે. પરંતુ આ જાતિની સૌથી નોંધપાત્ર વિશેષતા શું છે? તેમના ધાર્મિક નેતાઓ પાસે અલૌકિક શક્તિઓ છે - મન વાંચવા, ભવિષ્યની આગાહી કરવા અને ભાગ્યને પ્રભાવિત કરવા.

ટ્રાવેલ ઈન્ફ્લુએન્સર ઈસા ખાનના @khan.isa એકાઉન્ટ પરથી સોશિયલ મીડિયા પર શેર કરાયેલ એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં



બદુઈના જીવન અને આ શક્તિઓની વિગતો આપવામાં આવી છે. લાખો લોકો તેનાથી આશ્ચર્યચકિત થયા છે. ઘણા લોકો માનતા નથી કે ભગવાન સાથે સીધો સંપર્ક કરી શકે તેવી આદિજાતિ આજે પણ અસ્તિત્વમાં છે. ચાલો તેમની કેટલીક અનોખી લાક્ષણિકતાઓનું અન્વેષણ કરીએ. બાદુઈ જાતિ, જેને કાનજાડો બાદુઈ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે બાંટેન પ્રાંતના કંધારાસી ગામ પાસે રહે છે. આશરે 12,000 સભ્યોનો આ સમુદાય સુંડા ભાષા બોલે છે. તેઓ પોતાને સૃષ્ટિના પ્રથમ લોકો માને છે, અને તેથી પ્રકૃતિ સાથે સુમેળમાં રહેવું એ તેમનો ધર્મ છે. વીડિયોમાં, ઈસા ખાન સમજાવે છે કે બાદુઈ લોકો માટીના ધોવાણને રોકવા માટે ધાતુના હળનો ઉપયોગ કરતા નથી. શાળા, કાચ, દારૂ, જૂઠાણું, પાણીનો પ્રવાહ બદલવો અને ચાર પગવાળા પ્રાણીઓ રાખવા - બધું અહીં પ્રતિબંધિત છે.